જુનાગઢ જિલ્લા પંચાયત હસ્તકની આંગણવાડીઓ
જુનાગઢ મહાનગરપાલિકાને તબદીલ કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૭/સીએમ-એમપી-એમએલએ-૧/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯-૦૧-૨૦૨૦

વંચાણે લિધા:

(૧) કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગરનો તા.૨-૧-૨૦૨૦ નો પત્ર ક્ર: મકમ-૩/આઇસીડીએસ/રજુઆત/આ.વા.કે/જુના-૧/તબદીલ/જિ.જુનાગઢ/૫૪/૨૦૨૦

આમુખ:

જુનાગઢ મહાનગરપાલિકાની સ્થાઇ સમિતિના ઠરાવ. નં. ૪૪, તા.૧૪/૬/૨૦૧૯ થી જુનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવતી કુલ ૧૭૯ આંગણવાડીઓ જુનાગઢ મહાનગરપાલિકાને તબદીલ કરવાની દરખાસ્ત મંજુર કરવા અંગેની કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢના તા.૧૩/૧૧/૨૦૧૯ ના પત્રથી જણાવવામાં આવતા, વંચાણે લિધેલ (૧) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા જુનાગઢ જિલ્લા પંચાયત હસ્તકની આંગણવાડીઓ જુનાગઢ મહાનગરપાલિકાને તબદીલ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે જુનાગઢ જિલ્લા પંચાયત હસ્તકના જુનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવતા કુલ ૧૭૯ આંગણવાડી કેન્દ્રો જુનાગઢ મહાનગરપાલિકાને તબદીલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. જિલ્લા પંચાયત, જુનાગઢ ની જુનાગઢ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવતી કુલ ૧૭૯ આંગણવાડીઓના આંગણવાડી વર્કરો તથા તેડાગર બહેનોને જૂનાગઢ મહાનગરપાલિકાને તબદીલ કરવા તેમજ સુપરવાઇઝર તેમજ અન્ય સ્ટાફ ને પ્રતિનિયુક્તિથી મૂકવા અંગેની પ્રક્રીયા તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

... ૨..

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૩/૧/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન.મુખ્યમંત્રીશ્રી નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. કમિશ્નરશ્રી ,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૬. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલાઅને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૭. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ
૮. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૦. પ્રાદેશિક નાયબ નિયામકશ્રી, તમામ
૧૧. પ્રોગ્રામ ઓફીસરશ્રી,આઇસીડીએસ તમામ
૧૨. પ્રોગ્રામ ઓફીસરશ્રી,મહાનગર પાલિકા (અર્બન) તમામ
૧૩. સિલેકટ ફાઇલ